# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
ફો.(ઓ) : ૦૨૮૫-૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in

પરિપત્રઃ-

વિષયઃ-"અખિલ હિંદ અંધ ધ્વજ દિનની ઉજવણી ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૧"ના રોજ કરવા બાબત.
સંદર્ભઃ-રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા, જૂનાગઢનાં તા.૦૯/૦૮/૨૦૨૧નો પત્ર.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રાધ્યાપકશ્રીઓ તથા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓને ઉપર્યુક્ત સંદર્ભ પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે, પ્રતિ વર્ષની જેમ ચાલું વર્ષે પણ આગામી તા.૧૪મી સપ્ટેમ્બર,૨૦૨૧ના રોજ -"અખિલ હિંદ અંધ ધ્વજ દિન" ની ઉજવણી સમગ્ર ભારત દેશની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ રાષ્ટ્રીય અંધજન મંડળ, જૂનાગઢ દ્વારા કરવામાં આવશે.

પ્રજ્ઞાચક્ષુઓનાં કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે સમાજનાં તમામ વર્ગનો ફાળો ખૂબ આવશ્યક હોય, આપની કોલેજ દ્વારા ભંડોળ એકત્રીત કરી "રાષ્ટ્રીય અંધજન મંડળ, જૂનાગઢ" ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલી આપી આર્થિક સહાય કરવા વિનંતી કરવામાં આવે છે.

રાષ્ટ્રીય અંધજન મંડળ જિલ્લા શાખા, જૂનાગઢ,
જૂનાગઢ-વંથલી હાઇવે, મિલન પેટ્રોલ પંપ સામે,
પોસ્ટ બોક્સ-૮, શાપુર(સોરઠ)-૩૬૨૨૦૫,
તા.વંથલી, જી.જૂનાગઢ.
ફોનઃ ૦૨૮૭૨-૨૫૭૩૮૬,
મો.૯૫૧૨૮૨૧૨૧૨, ૯૯૭૮૦ ૩૨૫૭૭, ૮૬૭૩૮ ૮૬૫૮૮.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૩૦/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગર્વમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૧૯/૦૮/૨૦૨૧

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

નકલ સાદર રવાનાઃ-
-માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી..

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-
-આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

Mo. 99780 32577
Mo. 86738 86588

Phone : (02872) 257386
09512821212

# NATIONAL ASSOCIATION FOR THE BLIND
## JUNAGADH DISTRICT BRANCH

Junagadh - Vanthli Highway, Opp. Milan Petrol Pump,
(P.O. Box #8), At. SHAPUR (Sorath) - 362 205, Dist. Junagadh, Gujarat, India.
E-mail : nab_jnd@rediffmail.com

SERVE THE BLIND
तमसो मा ज्योतिर्गमय

- Public Trust Reg. No. F-169
- Society Reg. No. GUJ-194
- Regd. Under The Persons with Disabilities Act, 1995 with Social Defence Dept., Govt. of Gujarat Reg. No. 19/99
- F.C.R.A. Reg. No. 042030012
- Income Tax Exemption Under 80(G)

**B. K. Sarvaiya**
President

**Purushottam R. Akbari**
Hon. Gen. Secretary

**C. A. Patel**
Vice President

### ACTIVITIES

- Late Punjabhai M. Changela Home for Aged Blind.
- Library for the Blind (Books & Audio)
- Scheme for Inclusive Education of the Disabled at Secondary Stage Stage (IEDSS)
- Late Galalben M. Kadivar Hostel for Blind Girls.
- Hostel for Blind Boys.
- Rotary Computerized Braille Production Center
- Prof. Veleen Shah Computer Training Center
- Classical Music Training
- Industrial Training & Production Center
- Rehabilitation of Disabled

: Established :
7th September, 1980

Ref. No.

Date :

પ્રતિ,
કુલપતિશ્રી,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિર્વસિટી,
જૂનાગઢ

૦૯-૦૮-૨૦૨૧

**વિષય :-"અખિલ હિંદ અંધ ધ્વજ દિનની ઉજવણી ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૧" નો પરિપત્ર કાઢી આપવા બાબત.**

માનનીય સાહેબશ્રી,

જય ભારત સાથ ઉપરોકત વિષયના અનુસંધાને નમ્ર વિનંતિ સાથ જણાવવાનું કે,પ્રતિવર્ષ ની જેમ ચાલુ વર્ષે પણ આગામી તા.૧૪-૦૯-૨૦૨૧ ના રોજ "અખિલ હિંદ અંધ ધ્વજ દિનની ઉજવણી"સમગ્ર ભારત દેશની સાથે જૂનાગઢ જીલ્લામાં પણ રાષ્ટ્રીય અંધજન મંડળ-જીલ્લા શાખા જૂનાગઢ ધ્વારા થશે. પ્રજ્ઞાચક્ષુઓના કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે સમાજના તમામ વર્ગનો ફાળો ખૂબ આવશ્યક છે.

દર વર્ષે આપની કચેરી ધ્વારા અંધજનો માટેના આ રાષ્ટ્રીય દિન ની ભવ્ય ઉજવણી અંગેના આયોજન અને આર્થિક સહાયની અપીલ કરતો પરિપત્ર યુનિ.ના તમાંમ વિભાગોમાં મોકલી આપવામાં આવે છે.

અગાઉના પરિપત્રની નકલ તથા ગુજરાત સરકારશ્રીના પરિપત્રની નકલ આ સાથે સામેલ છે, જેના આધારે ચાલુ સાલે પણ પરિપત્ર કાઢી આપવા વિનંતિ છે.

રાષ્ટ્રીય અંધજન મંડળ, જીલ્લા શાખા જૂનાગઢની પ્રવૃતિની પત્રિકા આ સાથે સામેલ છે.

આભાર સહ......

આપનો વિશ્વાસુ,

AFFILIATION
Inward No. 1338
Date 17-08-2021

માનદ સામાન્ય મંત્રી
રાષ્ટ્રીય અંધજન મંડળ
જીલ્લા શાખા, જૂનાગઢ

FLAG DAY for THE BLIND
all INDIA
Phone : (0285) 3295682
THE NATIONAL ASSOCIATION FOR THE BLIND
DIST. : BRANCH : JUNAGADH

GENERAL REGISTER
Inward No. 2791
Date 13/8/21

13/8/21

રજીસ્ટ્રેશન નં. F-169 • GUJ-194, વિકલાંગ ધારો - 1995 અંતર્ગત રજી. નં. 19/99 • આવકવેરા મુક્તિ - 80(G) હેઠળ

# રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા - જૂનાગઢ

SERVE THE BLIND
तमसो मा ज्योतिर्गमय

(સરકાર માન્ય સંસ્થા)
ઓફિસ અને સંકુલ : જૂનાગઢ - વંથલી હાઈવે, મિલન પેટ્રોલ પંપ સામે, પોસ્ટ બોક્ષ - ૮,
શાપુર (સોરઠ) - ૩૬૨૨૦૫, તા. વંથલી ,જી. જૂનાગઢ.
ફોન : ૯૫૧૨૮૨૧૨૧૨, E-mail : nab_jnd@rediffmail.com, PAN : AAATN1511H

## વિષય : ૧૪ સપ્ટેમ્બર - અખિલ હિન્દ અંધ ધ્વજ દિનની ઉજવણી બાબત

રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા - જૂનાગઢ અંધજનોની સેવા પ્રવૃતિઓ માટે સને ૧૯૮૦ થી સતત કાર્યરત છે.

આં સંસ્થાને "અખિલ હિન્દ અંધ ધ્વજ દિન" ની ઉજવણીનું કાર્ય સરકારશ્રી તરફથી સોંપવામાં આવેલ છે. તે સંદર્ભે આ સાથે આપશ્રીને ધ્વજ, પત્રિકા વગેરે સાહિત્ય મોકલીએ છીએ. આપની શાળા, કોલેજ, કચેરીઓ, પેઢીઓ, કંપનીઓમાં તેની શાનદાર ઉજવણી કરી, મહત્તમ ફાળો એકત્ર કરી આ સંસ્થાને મોકલી આપવા નમ્ર વિનંતી.

### સંસ્થાની મુખ્ય પ્રવૃતિઓ

**(૧) સ્વ. પી.એમ. ચાંગેલા પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધાશ્રમ :**
- પ્રજ્ઞાચક્ષુ વૃધ્ધો માટે પ્રવેશ નિઃશુલ્ક (નાત-જાતના ભેદભાવ વગર)
- જીવન જરૂરી તમામ સવલતો વિના મુલ્યે. ઘર થી વિશેષ ઘર, પ્રેમ-આદરભાવની પ્રાપ્તિ.
- નિત્ય સત્સંગ સભા.

**(૨) અંધજન પુસ્તકાલય (વાંચન અને શ્રાવ્ય) :**
- અંધજનો માટે અમુલ્ય જ્ઞાનવર્ધક ૫૫૦૦ બ્રેઈલ પુસ્તકો, ૬૦૦ સી.ડી/ડી.વી.ડી ની વિના મુલ્યે પ્રાપ્તિ.
- ૪૫૫ પ્રજ્ઞાચક્ષુ સભ્યો ને વિના મુલ્યે જ્ઞાન લાભ.
- ધાર્મિક પુસ્તકો, નવલકથાઓ, વ્યાકરણ ગ્રંથો, કવિતાલક્ષી સાહિત્યનો અનોખો ભંડાર.

**(૩) પ્રજ્ઞાચક્ષુ બાળકોને શિક્ષણ :**
- પ્રજ્ઞાચક્ષુ બાળકોને શિક્ષણ અને તાલીમ દ્વારા આત્મનિર્ભર બનાવવાના પ્રયાસો.
- બ્રેઈલ પુસ્તકો તથા ઓડિયો સામગ્રીની વિના મુલ્યે સેવા.
- પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે યોજવામાં આવતી વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રમત-ગમતને લક્ષી પ્રવૃતિઓ.

**(૪) પ્રજ્ઞાચક્ષુ કુમાર અને કન્યા છાત્રાલય :**
- વિના મુલ્યે પ્રવેશ તેમજ જીવન જરૂરી સવલતો, વિના મુલ્યે દાતાઓના સહકારથી પુરી પાડવામાં આવે છે.
- બ્રેઈલ પુસ્તકો, ઓડિયો સામગ્રી તેમજ આવાસની સુવિધા.
- સંગીત, બ્રેઈલ તથા વિશિષ્ટ કૌશલ્યોના વિકાસ માટે તાલીમ અને શિક્ષણ.

**(૫) રોટરી કોમ્પ્યુટરાઈઝડ બ્રેઈલ પ્રોડકશન સેન્ટર :**
- મોર્ડન ટેકનોલોજીનો પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને લાભ.
- ધોરણ ૧ થી ૧૨ ના શૈક્ષણિક પાઠયપુસ્તકોનું કોમ્પ્યુટરાઈઝ બ્રેઈલીકરણ અને અન્ય ઉપયોગી પુસ્તકોનું કોમ્પ્યુટરાઈઝડ્ બ્રેઈલીકરણ.

**(૬) સંગીત વિદ્યાલય :**
- પ્રારંભિકથી વિશારદ સુધીનું અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળનું શિક્ષણ કેન્દ્ર

**(૭) ઔદ્યોગિક તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર :**
- દિવ્યાંગો ને બુક બાઈન્ડીંગ, ફાઈલ, સુથારી કામ, નેતરકામ વગેરે તાલીમ આપવામાં આવે છે તથા ઉત્પાદન કરવામાં આવે છે.

**દિવ્યાંગોને લગતી તમામ પ્રવૃત્તિઓથી ધમધમતું સૌરાષ્ટ્રનું ગરિમાપૂર્ણ સંસ્થાન**

: Established :
7th September, 1980

THE NATIONAL ASSOCIATION FOR THE BLIND
DIST. : BRANCH : JUNAGADH
Phone : (0285) 3256682

GENERAL REGISTER
Inward No. 2799
Date 13/8/21

## નમ્ર નિવેદન

- સહકાર આપતી તમામ શાળાઓ, માધ્યમિક -ઉ.માધ્યમિક શાળાઓ, કોલેજો, કચેરીઓ તેમજ સંસ્થાઓના અમે ખુબ જ આભારી છીએ. ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવીએ છીએ.

- દર વર્ષે આ સંસ્થાની સેવા પ્રવૃતિઓના નિભાવ ખર્ચ પેટે આપના તરફથી અમુલ્ય સહયોગ મળે છે તે ખરેખર અભિનંદનીય છે. આ સંસ્થા માત્ર દાન-ધર્માદા પર જ ચાલે છે, તે આપ જાણો છો. અંધજનોના કલ્યાણ સેવા યજ્ઞમાં આપ સહયોગી બનો તેવી અમારી નમ્ર અપીલ છે.

## ખાસ નોંધ

- આપનો અમૂલ્ય ફાળો "રાષ્ટ્રીય અંધજન મંડળ-જૂનાગઢ" ના નામે ચેક, ડ્રાફટ, મનીઓર્ડરથી નેટ બેકીંગ અથવા ઓનલાઈન અથવા રૂબરૂ જૂનાગઢ વંથલી હાઈવે, મિલન પેટ્રોલપંપ સામે, જૂનાગઢ. પહોંચાડવા વિનંતી.

- આપ અમારા બેંક એકાઉન્ટમાં ડાયરેક પણ નાણાં જમા કરી શકો છો.
  વિગત : **Bank of Baroda, College Road Branch, Junagadh.**
  બચત ખાતા **A/c No. 18660100003256, IFSC Code : BARB0COLJUN**

- ઓનલાઈન નાણાં જમા કરાવનારે સંસ્થાને ફોન કરી જાણ કરવા વિનંતી, જેથી અમે આપને પહોંચ પાઠવી શકીએ.
- સરકાર માન્ય સંસ્થા "રાષ્ટ્રીય અંધજન મંડળ" જિલ્લા શાખા - જૂનાગઢ ને જ "અખિલ હિન્દ અંધ ધ્વજ દિન" નો ફાળો એકત્ર કરવાની સરકાર દ્વારા માન્યતા મળેલ છે.

- આ સંસ્થાને અપાયેલ દાન આવકવેરાની કલમ 80(G) હેઠળ કર રાહતને પાત્ર છે.

## સંપર્ક સુત્ર

| | | |
|---|---|---|
| પ્રમુખ | - બળદેવસિંહ કે. સરવૈયા | મો. ૯૧૦૬૨ ૨૩૭૦૦ |
| ઉપપ્રમુખ | - ચિરાગભાઈ એ. પટેલ | મો. ૯૭૨૫૪ ૧૫૯૯૮ |
| માનદ્ મંત્રી | - પુરૂષોતમભાઈ આર. અકબરી | મો. ૯૯૭૯૪ ૦૯૭૬૩ |
| સહમંત્રી | - અમિતભાઈ જી. વાઢેર | મો. ૯૪૨૬૧ ૮૩૩૯૯ |
| ખજાનચી | - આશિષભાઈ જે. માંકડ | મો. ૯૮૨૫૦ ૩૩૬૧૨ |

## રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા - જૂનાગઢ